

તારંગામાં નવા વર્ષની પુર્વ સંધ્યાએ બહારગામ થી આવેલા જૈન યાત્રીક બહેનો એ સુંદર રંગોળી બનાવી હતી તારંગા એ મહેસાણા જિલ્લામાં આવેલું પ્રસીદ્ધ યાત્રાધામ છે. આશરે ૮૦૦ વર્ષ પુરાણું અલૌકિક અજીતનાથ ભગવાનનું દેરાસર છે જૈન લોકો નું મોટું તીર્થસ્થાન છે અમદાવાદ થી આશરે ૧૩૦ કીમી પહાડો ની વચ્ચે આવેલું કુદરતી સૌંદર્યથી ભરપૂર અને મનને અલૌકિક શાંતી આપતું આ દેરાસર છે રહેવા જમવાની સગવડ ખુબજ સુંદર વ્યવસ્થા અહીં મલી રહે છે આ દેરાસરનો વહીવટ શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા થાય છે...

# અરવલ્લી : માત્ર ૨૫૦૦ રૂપિયાની ઉઘરાણીમાં યુવાનનો હાથ કાપી નાખ્યો!

## દિવાળીની ટાણે અસામાજિક તત્વો બેફામ બન્યા

મોડાસા, તા. ૨૯

બાયડ રોડ પર યુવાન પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. દિવાળીની રાતે જ અસામાજિક તત્વો બેફામ બન્યા હતા અને મોડી રાત્રે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી આતંક મચાવ્યો હતો. પૈસાની લેતીદેતી મામલે યુવાન પર હુમલો કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ચોંકાવનારી વાત એ છે કે, માત્ર ૨૫૦૦ રૂપિયાની ઉઘરાણીમાં યુવાન પર હુમલો કરી તેનો હાથ કાપી નાંખવામાં આવ્યો છે. હાલ યુવાનને સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો છે. જ્યારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



દિવાળીની રાતે અનેક જગ્યાએ રક્તરંજીત ઘટનાઓ સામે આવી છે, ત્યારે અરવલ્લીના બાયડ રોડ પર પણ અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. દિવાળીની મોડી રાતે આરોપી અને ઈજાગ્રસ્ત યુવાન વચ્ચે પૈસાની લેતીદેતી મામલે બબાલ થઈ હતી. જે દરમિયાન ઉશ્કેરાયેલા આરોપીએ તીક્ષ્ણ હથિયાર વડે યુવાન પર હુમલો કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શૈલેષ બારોટ નામના શખ્સે પૈસાની લેતીદેતીમાં યુવક પર હુમલો કર્યો હતો. માત્ર ૨૫૦૦ની ઉઘરાણીની બાબતમાં યુવકનો હાથ કાપી નાખ્યામાં આવ્યો છે. ઘટનામાં ઘાયલ યુવકને સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડાયો છે. જે બાદ બાયડ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે આ ઘટના નોંધાઈ ન હોવાનું બાયડ પીએસઓએ જણાવ્યું હતું

# પ્રાંતિજના પીલુદા પાટીયા પાસે રાત્રીના સમયે અકસ્માત સર્જાયો



પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પિલુદા પાટીયા પાસે રાત્રીના સમયે ટ્રક અને ઈકોકાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા ઈકોકાર મા સવાર ત્રણેય ને ઈજાઓ પોહચી. પ્રાંતિજ તાલુકાના પીલુદા પાટીયા નજીક ૨૩મી ના રાત્રીના રોજ ઈકોકાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા આગળ જઈ રહેલ ટ્રક ચાલકે એકદમ બ્રેક મારતા પાછળ આવતી ઈકોકાર ટ્રક પાછળ ધુસી ગઈ હતી તો અકસ્માત બાદ ટ્રક ચાલક ટ્રક લઈ ને ધટના સ્થળ ઉપર થી ભાગી ગયો હતો તો ઈકોકાર નો આગળ નો ભાગ કુચડો થઈ ગયો હતો અને ઈકોકાર મા સવાર ત્રણને ઈજાઓ પોહચતા તેવોને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.

# અરવલ્લી : શામળાજીના ગ્રામ્ય વિસ્તારમાંથી ફટાકડા વધુ અપાવું કહી ૬ વર્ષની બાળકીનું નરાધમે અપહરણ કરતા ચકચાર

**બાળકીના પરિવારજનોએ શોધખોળ હાથધરતાં નરાધમે ગણતરીના કલાકોમાં આરોપીએ બાળકીને તેના ઘરે મૂકી ફરાર :૬ વર્ષની બાળકીનું અપહરણ થતા શામળાજી અને એલસીબી પોલીસમાં દોડધામ, નરાધમને ઝડપી પાડવા ટિમો બનાવી**

મોડાસા, તા. ૨૯

ગુજરાતમાં બાળકીઓને ઉઠાવી જઈ દુષ્કર્મ આચરવાની અને હત્યા કરી આવાવરૂં સ્થળે છોડી દેવાની ઘટનાઓ સતત બનતી રહે છે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારમાં ઘર આગળ બાળકો સાથે ફટાકડા ફોડતી બાળકીનું એક નરાધમે દુષ્કર્મ આચરવાના ઈરાદે અપહરણ કરતા ભારે ચકચાર મચી હતી પરિવારજનોએ શોધખોળ હાથધરતા કડવથ ગામનો નરાધમ બાળકીને તેના જ ઘરે મૂકી ફરાર થઈ જતા બાળકીના પરિવારજનો બાળકીને ઘરે લઈ આવ્યા હતા શામળાજી પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો ઘટનાની ગંભીરતા સમજી જીલ્લા પોલીસવડાએ એલસીબી પોલીસને તપાસ સોંપી હતી



શામળાજી નજીકના ગ્રામ્ય વિસ્તારના અને સુરત રહેતો એક પરિવાર દિવાળી પર્વમાં વતનમાં તહેવારની ઉજવણી માટે આવ્યો છે દિવાળીના દિવસે સાંજના સમયે આ પરિવારના બાળકો અન્ય પરિવારના બાળકો સાથે ઘર નજીક ફટાકડા ફોડતા હતા ત્યારે કડવથ ગામનો એક નરાધમ યુવક બાળકો પાસે પહોંચી ૬ વર્ષની બાળાને વધુ ફટાકડાની લાલચ આપી અપહરણ કરી ફરાર થઈ ગયો હતો ઘર આગળ રમતી ૬ વર્ષની બાળા જોવા ન મળતા તેની માતાએ અન્ય બાળકોની પૂછતા કડવથનો મગન ડોડીયાર નામનો નરાધમ બાળકીને વધુ ફટાકડા આપવાનું કહી લઈ ગયો હોવાનું જણાવતા બાળકની માતા હોફળી ફોફળી બની પરિવારજનોને જાણ કરતા તાબડતોડ શોધખોળ હાથધરી યુવકના ઘરે પણ જાણ કરતા તેના પરિવારજનોએ શોધખોળમાં જોતરાયા હતા નરાધમ યુવકને બાળકીના પરિવારજનો અને સગા-સબંધીઓ શોધતા હોવાની જાણ થતા કડવથ ગામમાં તેના ઘરે મૂકી ને ફરાર થઈ ગયો હતો બાળકીનો છુટકારો થતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો

શામળાજી પોલીસે અપહત્ય બાળકીની માતાની ફરિયાદના આધારે કડવથ ગામના મગન જીવા ડોડીયાર સામે ઈપીકો કલમ-૩૬૩,૩૬૬ અને પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# પાલનપુર ખાતે ગૃહમંત્રીએ યોજી ઉત્તર ઝોનની બેઠક : ઉત્તર ગુજરાતની બેઠકો જીતવા કાર્યકરોને આપ્યું માર્ગદર્શન



પાલનપુર તા. ૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે ચૂંટણી જીતવાની તૈયારીઓ શરૂ કરી છે. ત્યારે આજે પાલનપુરના મોરિયા બનાસ મેડિકલ કોલેજમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તર ઝોનની સમીક્ષા બેઠક યોજી હતી. વર્ષોના શાસન બાદ ભાજપે ફરી એકવાર ગુજરાત કબ્જે કરવા મરણીયા પ્રયાસો હાથ ધર્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે છે. ત્યારે તેઓએ આજે મોરિયા ખાતે બનાસ મેડિકલ કોલેજ ખાતે ઉત્તર ગુજરાતના ૮ જિલ્લાના કાર્યકર્તાઓ સાથે સમીક્ષા બેઠક યોજી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગુજરાતમાં ભાજપ ફરી વિજય મેળવશે. જ્યારે ત્રીજા પક્ષને ગુજરાત સ્વીકારશે નહિ તેવો દાવો પ્રદેશ ભાજપ મહામંત્રી રજની પટેલે કર્યો હતો. સભામાં બનાસકાંઠા જિલ્લા માં ૯ પૈકી માત્ર ૨ બેઠકો જ ભાજપ પાસે છે. જેના પર ચિંતન કરાયું હોવાના અહેવાલ છે. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત પ્રદેશ ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના હોદ્દેદારો, ધારાસભ્યો સહિત અપેક્ષિત કાર્યકરો હાજર રહ્યા હતા.

**બનાસકાંઠાના બે ચીફ ઓફિસરની ફેર બદલીના હુકમો કરાયા**

# પાલનપુર અને ભાભર પાલિકાના ચીફ ઓફિસરોની ગણતરીના દિવસોમાં બદલીઓ કરાઈ

## પાલનપુરમાં તાજેતરમાં મુકાયેલ ચીફ ઓફિસરની બદલી બંધ રખાવવા ધમપછાડા

પાલનપુર તા.૨૯

સરકાર દ્વારા તાજેતરમાં બનાસકાંઠાની બે નગરપાલિકા ચીફ ઓફિસરોની આંતરિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં પાલનપુર અને ભાભર નગરપાલિકા ચીફ ઓફિસરની ગણતરીના દિવસોમાં જ ફેરબદલીના હુકમો કરાયા છે જેમાં પાલનપુર પાલિકામાં તાજેતરમાં મુકાયેલ ચીફ ઓફિસરની બદલી બંધ રખાવવા કેટલાક સભ્યો ધમપછાડા કરી રહ્યા હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મતદાર યાદીના કામ માટે તેમજ જાહેર હિત માટે રાજ્યની વિવિધ ૨૦ નગરપાલિકાના ચીફ ઓફિસરોની તાજેતરમાં બદલીના હુકમ કરાયા છે. જેમાં બનાસકાંઠાના પાલનપુર નગરપાલિકા ના ચીફ ઓફિસર ગૌરાંગ પટેલની દેવગઢ બારીયા ખાતે બદલી કરી તેમની જગ્યાએ પાટણ પાલિકાના ચિફિસર પંકજ બારોટની નિયુક્તિ કરાઈ હતી .અને ભાભર પાલીકાના ચીફ ઓફિસર કુ.વૈશાલીબેન નિનામાંની ડીસા પાલિકાના ચિફિસર તરીકે બદલી કરાઈ હતી જોકે આ બદલીના ગણતરીના દિવસોમા જ આ બન્ને ચીફ ઓફિસરની ફેર બદલી ના હુકમો કરાયા છે. જેમાં પાલનપુરના ચીફ ઓફિસર પંકજ બારોટની હળવદ ખાતે નેભભર પાલિકાના ચીફ ઓફિસર કુ.વૈશાલીબેન નિનામાની રાધનપુર ખાતે બદલી કરાઈ છે. જોકે પાલનપુર પાલીકા ના ચીફ ઓફિસર ની બદલી બંધ રખાવવા પાલિકાના શાસક પક્ષના સભ્યો ભારે ધમપછાડા કરી રહ્યા હોવાનું ટોક ઓફ ધ ટાઉન બન્યું છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં ગ્રામીણ પરંપરા મશાલ જયોત યંત્રયુગમાં પણ યથાવત



પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામીણ પરંપરા- ભારતીય સંસ્કૃતિ આજે ગામડાઓમાં અંકબંધ છે અને દિવાળી ના પર્વોમાં મશાલ ના પ્રતિકરૂપે પ્રકાશ પ્રસરાવવાની ગ્રામિણ પરંપરા સોનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે યથાવત છે. નાના બાળકો અને કિશોરો મશાલ ના સ્વરૂપે શેરડીના સાઠામાં માટીના કંપથી અને શ્રીફળની કાસલીથી બનાવેલી મશાલ જયોત બનાવી ધરે-ધરે થી તેલ પુરાવાની અર્થાત સહયોગ માગવાની એક અનોખી શૈલી નિર્માણ થઈ છે કાગ માંગણીમાં આગીમ માગીમ તેલ પુરાવો ના હોય તો ધી પુરાવો ના કાલાઘેલા શબ્દો સાથે સૌનોસાથ લઈ પ્રકાશ પ્રસરાવવાનો આ અનોખો સંદેશ આપતી ગ્રામીણ સંસ્કૃતિ ના સીધાં દર્શન આજે પણ પ્રાંતિજ સહિત તાલુકાઓમાં ગ્રામિણ વિસ્તાર ની પરંપરાઓનું પ્રતિબિંબ પાડેછે તો પ્રાંતિજ તપોધન ફડી ખાતે નાનાં ભુલકાઓ હાથમાં મશાલ લઈ ને પરિવાર ના સભ્યો સાથે નિકળ્યાં હતાં તો સોસાયટીઓમાં પણ હજુ પરમ પરા જળવાઈ રહી હોય તેમ પ્રાંતિજ હરીઓમ પાર્ક સોસાયટી ના રહીશો પણ ભૂલકાંઓ સાથે હાલ મા મસાલ લઈને નિકળ્યા હતાં અને સોસાયટી માં ધરે ધરે ગયાં હતાં તો ગ્રામિણ પરંપરા મશાલ જયોત આજે પણ યંત્ર યુગ મા પણ યથાવત છે.

# અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં લાભ પાંચમ માં ધંધા રોજગાર ધમધમ્યાં

**૪ દિવસ પછી પુનઃ ધબકતા થયા બજારો**

મોડાસા તા.૨૯



મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લામાં દિવાળી તેમજ નૂતનવર્ષ પૂજા બાદ બંધ થયેલા વેપાર ધંધા સહીત બજારોની રોનક ૪ દિવસ બાદ લાભ પાંચમે મુહર્ત કાર્ય બાદ ધમધમી ઉઠયા હતા. વેપારીઓ દ્વારા નવા વર્ષના વ્યવસાય ના શ્રી ગણેશ કર્યા હતા દિવાળી પછી બજારમાં લાગેલો સ્વયંભૂ કર્ફયુ લાભ પાંચમે દૂર થયો હોય તેમ જિલ્લાના બજારોમાં માનવમહેરામણ ઉમટ્યું હતું. દિવાળી અને નૂતનવર્ષના દિવસે શહેર જિલ્લાના વેપારીઓ ધંધા રોજગારના સ્થળે શુભ મુહર્ત માં પૂજાવિધિ કર્યાબાદ વેપાર ધંધા બંધ કરી તહેવારોની ઉજવણીમાં પરિવાર સાથે વ્યસ્ત બન્યા હતા મોટાભાગના વેપારીઓ ૪ દિવસના મીની ધાર્મિક વેકેશનનો લાભ ઉઠાવતા વિવિધ પર્યટન સ્થળો અને ધાર્મિક સ્થળોએ મુલાકાત લેતા મોડાસા શહેર સહીત જિલ્લાના બજારો સુમસામ ભાસી રહેલા લાભ પાંચમ ના દિવસે વેપારીઓ એ મુહર્ત કરી ધંધા રોજગારના સ્થળો ખુલ્લા મુકતા પુનઃ ધમધમતા થતા રોનક પાછી જોવા મળી હતી. મોડાસા શહેરના બજારોમાં ૪ દિવસ બાદ લાભ પાંચમે ખુલતા જિલ્લા સહીત રાજસ્થાનના લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા ઉમટી પડતા મુખ્યમાર્ગો પર ટ્રાફિકજામ ના દ્રશ્યો સર્જાયા હતા અને નવાવર્ષના પ્રથમ દિવસે જ ભારે ઘરાકી જોવામળતા વેપારીઓમાં આનંદ છવાયો હતો.

# અરવલ્લી : LCBએ બુટલેગરોના તહેવારોમાં દારૂની રેલમછેલ કરવાના મનસૂબા પર પાણી ફેરવ્યું

મોડાસા, તા. ૨૯



રાજયમાં કડક દારૂબંધીની અમલવારીની વાતો વચ્ચે વિદેશી દારૂ પીવાના શોખીનો દારૂ પીવાના બહાના બનાવી વર્ષે દહાડે અબજો રૂપિયાનો દારૂ ઘટઘટાવી રહ્યા છે રાજ્યમાં તહેવાર ટાણે દારૂ પીવાનું ચલણ વધી રહ્યું છે દિવાળી પર્વમાં દારૂની રેલમછેલ કરવા બુટલેગરો અધીરા બન્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે બુટલેગરોના નિતનવા નુસ્ખા નાકામીયાબ થઈ રહ્યા છે. અરવલ્લી જીં સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર પ્રોહિબિશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી છેલ્લા ૨૫ દિવસમાં ૭૦ લાખથી વધુનો શરાબ ઝડપી લીધો છે અરવલ્લી એલસીબી પોલીસે શામળાજીના શામળપુર નજીક અને મોડાસાના જીવણપૂર નજીક બે પીકઅપ ડાલામાં ૭ લાખથી વધુનો વિદેશી દારૂ સાથે અમદાવાદના બે બુટલેગરોને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. અરવલ્લી એલસીબી પીઆઈ કે.ડી.ગોહીલ અને તેમની ટીમે મોડાસા-શામળાજી રોડ પરથી જુદા-જુદા વિસ્તારમાંથી બે પીકઅપ ડાલામાં ભરેલો વિદેશી દારૂનો જથ્થો મોટી માત્રામાં જપ્ત કર્યો હતો શામળાજીના શામળપુર નજીકથી રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ભરી પસાર થતા પીકઅપ ડાલાને અટકાવી ૧૭૮૮ બોટલ વિદેશી દારૂ, પીકપડાલુ અને મોબાઈલ મળી ૮.૬૧ લાખથી વધુના મુદ્દમાલ સાથે સુરભા ભીખુભા ઝાલા (દરબાર નગરના ઝુંપડા,મણીનગર-અમદાવાદ) ને દબોચી લીધો હતો અન્ય એક પીકઅપ ડાલુ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં જીવણપુર નજીકથી બાતમીના આધારે અટકાવી ૩.૬૦ લાખનો દારૂ જપ્ત કરી દારૂ, મોબાઈલ અને ડાલું મળી ૮.૬૧ નો મુદ્દામાલ જપ્ત કરી પીકઅપ ડાલામાં દારૂની ખેપ મારી રહેલા બુટલેગર સલીમ ઉસ્માન સુમરા (રહે,૫૫૫ સરખેજ રોઝા પાણીની ટાંકી પાસે,અમદાવાદ)ને દબોચી લઈ બંને સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

# ડીસાના રસાણા પાસે કેનાલમાં પડતા ૬ ગાયોના મોત, એકનો બચાવ



ડીસા, તા. ૨૯

ડીસા પાલનપુર હાઈવે પર રસાણા પાસે કેનાલમાં પડી જતા ૬ ગાયોના મોત થયા હોવાની ઘટના સામે આવી છે. એક ગાયને આજુબાજુના લોકોએ બચાવી લીધી હતી. સિંચાઈ વિભાગે કેનાલ સફાઈ ન કરી ગંભીર બેદરકારી દાખવતા દુર્ઘટના સર્જાતા જીવદયાપ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. ડીસા પાલનપુર હાઈવે પર રસાણા ગામ પાસે દાંતીવાડા જળાશય યોજનાની મુખ્ય કેનાલ પસાર થાય છે. જેમાં આજે વહેલી સવારે ૭ ગાયો કેનાલના પાણીમાં ખાબકી હતી અને પાણીના વહેણમાં તણાતી ગાયો હાઈવે પાસે પુલિયા નીચે કચરાના ઢગલામાં ફસાઈ જતા ૬ ગાયોના મોત નિપજ્યાં હતાં. ઘટનાને પગલે આજુબાજુના લોકો દોડી આવતા એક ગાયને રાહત કામગીરી કરી બચાવી લીધી હતી. ઉલ્લેખનીય છે કે, સિંચાઈ વિભાગ દ્વારા કેનાલની સફાઈ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે છે. પરંતુ અધિકારીઓએ ગંભીર બેદરકારી દાખવી કેનાલની સફાઈ ન કરતા ગાયો કચરાના ઢગલામાં ફસાઈ ગઈ હતી અને અધિકારીઓની બેદરકારીના કારણે ગાયોના મોત થતાં જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.